# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

---

- ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે.
- કેન્દ્રિય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.
- અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના સત્તાવાળાઓએ યુનિવર્સીટીમાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓ અંગે મહત્વનો નિર્ણય લીધો છે.
- રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સ્નાતક અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Election-2024-1

ગુજરાતમાં લોકસભાની 26 બેઠકોની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની 05 બેઠકોની પેટાચૂંટણી યોજવા માટે ચૂંટણી તંત્ર સંપૂર્ણ સુસજ્જ છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ આજે ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન માટે સમગ્ર રાજ્યમાં ચૂંટણી તંત્ર સજ્જ છે.

તેમણે કહ્યું કે, મતદાતાઓ માટે મતદાન મથકે વિશેષ આયોજનો કરાયા છે. રાજ્યનો કોઈપણ નાગરીક કોઈપણ સ્થળેથી આદર્શ આચારસંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરીયાદ કરી શકે તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા સી-વીજીલ મોબાઈલ એપ તૈયાર કરવામાં આવી છે.

શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે,

(બાઇટ-પી.ભારતી)

તેમણે કહ્યું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન દરેક વિધાનસભા મતવિસ્તારમાં ઓછામાં ઓછા એક મતદાનમથકને 'આદર્શ મતદાન મથક' તરીકે સ્થાપિત કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, મતદારોને તેઓના મતાધિકારનો ઉપયોગ કરવામાં અગવડ ન પડે તે હેતુથી તમામ મતદાન મથકોએ રેમ્પ,પીવાના પાણીની સુવિધા, સહીતની ખાતરીપૂર્વકની લઘુત્તમ સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

ગુજરાત વિધાનસભા મતદાર વિભાગ દીઠ એક દિવ્યાંગ કર્મચારીઓ સંચાલિત મતદાન મથક બનાવવામાં આવશે.

ચૂંટણી ફરજ પર રોકાયેલા હોય અને તેના કારણે પોતાના મતદાન મથકમાં મતદાન કરી શકે તેમ ન હોય તેવા ચૂંટણી ફરજ પર નિયુક્ત તમામ અધિકારીઓ અને કર્મચારીઓ તથા જાહેર સેવકોને પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવાની સુવિધા આપવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા 85 વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ નાગરિકો તથા 40 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને પોસ્ટલ બેલેટ દ્વારા ઘરેથી મતદાનની સુવિધા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે વિવિધ ચૂંટણીલક્ષી કામગીરી માટે રાજ્ય અને કેન્દ્ર સરકારના અધિકારીઓ-કર્મચારીઓ આવરી લઈ અંદાજે **4 લાખ 50 હજાર** કર્મચારીઓ ફરજ બજાવશે. જેમાં **55 હજાર 800** થી વધુ પ્રિસાઈડિંગ ઑફિસર્સ, **1.67** લાખથી વધુ પોલીંગ ઑફિસર્સ, **6,300** થી વધુ સેક્ટર ઑફિસર અને **5,200** થી વધુ માઈક્રો ઑબ્ઝર્વર્સ સહિતના અધિકારીઓ-કર્મચારીઓનો સમાવેશ થાય છે. વધુમાં રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરી માટે 1 લાખ 20 હજાર જેટલું પોલીસ દળ ઉપલબ્ધ છે.

ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતાના સુચારૂ અમલ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે. મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, જાહેર મકાનો પરના લખાણો, બેનરો, પોસ્ટર્સ વગેરે દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે. સરકારી મિલ્કતોના સ્થળેથી, વૉલ રાઈટીંગ, પોસ્ટર્સ, પેપર્સ, કટઆઉટ્સ, હોર્ડિંગ્સ, બેનર્સ, ફ્લેગ્સ વગેરે દૂર કરવામાં આવશે. આદર્શ આચાર સંહિતાના વધુ ગંભીર ભંગ તથા કાયદો વ્યવસ્થાના ભંગ અંગેની ફરીયાદો પર ત્વરીત પગલાં લેવા તેમજ આ અંગે રોજેરોજ ભારતના ચૂંટણી પંચને અહેવાલ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

ચૂંટણી જાહેર થતાંની સાથે જ ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે તમામ જિલ્લાઓમાં **756** ફ્લાઈંગ સ્કોડ, **206** એકાઉન્ટીંગ ટીમ, **251** વિડીયો વ્યૂઈંગ ટીમ, **480** વિડીયો સર્વેલન્સ ટીમ કાર્યરત કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા સહિત ઈલેક્ટ્રોનિક મિડિયામાં પ્રસારિત કરવાની થતી રાજકીય જાહેરાતોનું સમગ્ર વર્ષ દરમિયાન પ્રિ-સર્ટીફિકેશન મેળવવાની વ્યવસ્થા છે.

નોંધાયેલા રાષ્ટ્રીય/રાજ્યકક્ષાના રાજકીય પક્ષ તથા ચૂંટણી લડતા તમામ ઉમેદવારોએ જાહેરાત પ્રસારિત કરવાની હોય તેના ઓછામાં ઓછા ત્રણ દિવસ પહેલાં પ્રિ-સર્ટીફિકેશન માટે સંબંધિત કમિટી સમક્ષ રજૂ કરવાની રહેશે. તે સિવાયના નોંધાયેલા ન હોય તેવા રાજકીય પક્ષો કે અન્ય વ્યક્તિઓએ સાત દિવસ પહેલાં પ્રિ-સર્ટીફિકેશન માટે રજૂ કરવાની રહેશે. મતદાનના આગળના દિવસે કે મતદાનના દિવસે પ્રિન્ટ મિડિયામાં પ્રસિદ્ધ કરવાની થતી જાહેરાત ઓછામાં ઓછા બે દિવસ પહેલાં પ્રિ-સર્ટીફિકેશન માટે સંબંધિત કમિટી સમક્ષ રજૂ કરવાની રહેશે.

તમામ જિલ્લાઓમાં જિલ્લા સ્તરીય મિડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમિટી તથા રાજ્ય સ્તરીય મિડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમિટી કાર્યરત છે.

સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ તેમજ ગેરમાર્ગે દોરતા સમાચાર પર દેખરેખ રાખવા માટે રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ સોશિયલ મીડિયા સેલ ઉભા કરવામાં આવ્યા છે, તેમજ સોશિયલ મીડિયા નોડલ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા કુલ મતદાન મથકો પૈકીના 50 ટકા મતદાન મથકોનું મતદાનના દિવસે લાઈવ વેબકાસ્ટીંગ કરવાની સૂચના અપાઇ છે.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી.ભારતીએ જણાવ્યું હતું કે, ચૂંટણી સંદર્ભે મળતી ફરિયાદોનો ઝડપથી નિકાલ થાય અને સમગ્ર પ્રક્રિયા પર અસરકારક નિયંત્રણ રહે તે હેતુથી **ગત 16મા માર્ચ**થી સામાન્ય વહીવટ વિભાગના ચૂંટણી પ્રભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર ખાતે એક નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ જાહેર રજાઓના દિવસે પણ કાર્યરત રહેશે.

નિયંત્રણકક્ષના ફોન નંબર- **(079) 23257791** છે. તે ઉપરાંત, કોઈપણ પ્રકારની ફરીયાદ **1950** (ટોલ ફ્રી નંબર) પર કરી શકાય છે. તેમજ **રાષ્ટ્રીય ફરિયાદ**

**નિવારણ સેવા પોર્ટલ** (www.eci.gov.in) પર ઑનલાઈન પણ ફરીયાદ કરી શકાય છે.

ચૂંટણીપંચ દ્વારા મતદારો તેમજ ઉમેદવારો માટે વિવિધ પ્રકારની એપ્લીકેશન્સ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

આગામી લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં મહત્તમ મતદાન થાય તે માટે નાગરિકોમાં જાગૃતિ કેળવવા EVMના લાઈવ ડેમોન્સ્ટ્રેશન અને ઑડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ 40 જેટલી LED વાન દ્વારા વિવિધ કૉલેજ અને બગીચા જેવા જાહેર સ્થળોએ મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા હતા.

મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતી પી. ભારતીએ રાજ્યના તમામ નાગરિકોને અનુરોધ કરતાં જણાવ્યું છે કે, હજુ પણ પોતાનું અને પોતાના પરિવારના પુખ્ત વયના સભ્યોનું નામ મતદારયાદીમાં છે કે નહિં તે તપાસી લે. જરૂર જણાયે હજુ પણ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે અરજી કરી શકાય છે. આ માટે Voter Helpline App, Voter Service Portal (https://voters.eci.gov.in) પર ઓનલાઈન કરી શકાય..

## adarsh achaar sanhita

રાજયભરમાં આદર્શ આચારસંહિતા અમલી બની છે. જે અંતર્ગત આજે વિવિધ જિલ્લાઓમાં પ્રચરાત્મક સામગ્રીઓ હટાવવાની કામગીરી શરૂ કરાઈ છે.

ગીર-સોમનાથ , મહેસાણા , ડાંગ , તાપી , છોટા ઉદેપુર તેમજ સુરેન્દ્રનગર જિલ્લા ની સરકારી અને ખાનગી મિલકતો પરની પ્રચારાત્મક સામગ્રીઓ હટાવવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. હોર્ડિંગ્સો, પોસ્ટરો,બેનરો,અન્ય સમાગ્રી તેમજ દિવાલ પર દોરેલા ચિત્રોને હટાવવાની કામગીરી ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરાઈ છે.

## ECI- HOME SECYS

કેન્દ્રિય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહસચિવોની બદલી કરાઇ છે. મિઝોરમ અને હિમાચલ પ્રદેશના સામાન્ય વહીવટ વિભાગના સચિવોની પણ બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત બૃહન્મુંબઇ મહાનગરપાલિકાના કમિશ્નર ઇકબાલસિંહ ચહલ અને એડિશનલ કમિશ્નરની પણ બદલી કરવાનો નિર્દેશ અપાયો છે.

## GUJ-UNI

અમદાવાદની ગુજરાત યુનિવર્સિટીના સત્તાવાળાઓએ પ્રશાસને મહત્વનો નિર્ણય લીધો છે. યુનિવર્સિટીમાં અભ્યાસ માટે આવેલા વિદેશી વિદ્યાર્થીઓ માટે બિનનિવાસી ભારતીય (NRI) હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરવાનો નિર્ણય લીધો છે.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને આપેલા અનેક મહત્વપૂર્ણ આદેશો મુજબ આ નિર્ણય લેવાયો છે.

મળતી માહિતી મુજબ, વિદેશી વિદ્યાર્થીઓ માટે તુરંત જ અલગ વ્યવસ્થા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. એનઆરઆઈ હોસ્ટેલને અદ્યતન કરીને, ત્રણ દિવસમાં તમામ વિદેશી વિદ્યાર્થીઓને એનઆરઆઈ હોસ્ટેલમાં ખસેડવામાં આવશે. યુનિવર્સિટી હોસ્ટેલમાં કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે, જેથી સામાન્ય લોકોની બિનજરૂરી અવરજવરને રોકી શકાય. નમાઝ અદા કરવાની જગ્યાને લઈને તાજેતરમાં થયેલા વિવાદના પગલે આ નિર્ણયો લેવાયા છે.

## NTA EXAM

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી - NTA દ્વારા અગાઉ જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ 15 મે થી 31 મે વચ્ચે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં સ્નાતક અભ્યાસક્રમો માટેની પરીક્ષા યોજાશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ એમ જગદીશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું છે કે રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા અને તેમનું ભૌગોલિક સ્થાન અરજીની છેલ્લી તારીખ 26 માર્ચ પછી જાણી શકાશે.

તેમણે કહ્યું કે NTA આ માહિતી અને મતદાનની તારીખોના આધારે 15 મે અને 31 મે વચ્ચે પરીક્ષાની તારીખો નક્કી કરશે.

## KACCH –CHARAS PACKET

કચ્છના અબડાસા તાલુકાના અરબ સાગર કાંઠેથી આજે એક બિનવારસી ચરસનું પેકેટ મળી આવ્યું હતું. BSF અને SIB ને અબડાસાના દરિયાઈ શિયાળ ક્રિકના જખ મંદિર વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં પ્લાસ્ટિક કવરમાં ચરસનું એક પેકેટ મળી આવ્યું હતું.